**આઇસીએઆર, નવી દિલ્હી દ્વારા નિયુક્ત કરેલ Peer Review Team નવસારી કૃષિ યુનિવર્સિટીનું એક્રિડિટેશન કરવા આવનાર હોવાથી રજાના દિવસોએ કચેરીઓ રાબેતા મુજબ ચાલુ રાખવા બાબત**

## :: પરિપત્ર ::

નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તથા તમામ કોલેજના ડીનશ્રી/આચાર્યશ્રીઓ અને પોલીટેકનીકના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી અધિકારીશ્રીઓ/ કર્મચારીઓને જણાવવાનું કે એપ્રિલ ૨૦૨૨ દરમ્યાન આઇસીએઆર, નવી દિલ્હી દ્વારા નિયુક્ત કરેલ Peer Review Team નવસારી કૃષિ યુનિવર્સિટીનું એક્રિડિટેશન કરવા માટે આવનાર છે જેથી તારીખ ૧૪ એપ્રિલથી રજા ના દિવસોએ પણ કચેરીઓ રાબેતા મુજબ ચાલુ રાખવાની રહેશે. વધુમાં એક્રિડિટેશનની કામગીરીના સુવ્યવસ્થિત સંચાલન માટે ૧૪ એપ્રિલ પહેલાં પણ યુનિટ હેડ ની સૂચના મુજબ રજા ના દિવસોએ કચેરીઓમાં આવવાનું રહેશે. વધુમાં તમામ કોલેજના ડીનશ્રી/આચાર્યશ્રીઓને જણાવવાનું કે સેલ્ફ સ્ટડી રિપોર્ટમાં જણાવ્યાનુસાર દરેક વિગતને Peer Review Team સમક્ષ ડિસ્પ્લે તથા Presentation માટેની તમામ તૈયારીઓ કરવાની રહેશે તથા ડિસ્પ્લે મટીરીયલની બે નકલ અગાઉથી અત્રે રજુ કરવાની રહેશે. વિશેષમાં બધા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓએ આ સમય દરમ્યાન (૧૪ થી ૨૫/૦૪/૨૦૨૨) દરમ્યાન ફરજીયાતપણે હાજર રહેવાનું રહેશે તે પ્રમાણે દરેક આચાર્યશ્રી, રેક્ટરશ્રી તથા આસીસ્ટન્ટ રેક્ટરશ્રીએ સુચના આપવાની રહેશે. તદ્ઉપરાંત આ સમય (૧૪ થી ૨૫/૦૪/૨૦૨૨) દરમ્યાન વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓના શૈક્ષણિક પ્રવાસ, ટ્રેનીંગ, રાવે ફિલ્ડ વિઝીટ વિગેરેનું આયોજન કરવું નહીં તથા આ સમય દરમ્યાન અગાઉ આપેલ તમામ મંજુરી રદ કરવામાં આવે છે જેની નોંધ લેવાની રહેશે. આ સમય દરમ્યાન અધિકારીશ્રીઓ/કર્મચારીઓની અગાઉથી મંજુર કરેલ તમામ પ્રકારની રજા, પ્રવાસ/ટ્રેનીંગ પણ રદ કરવામાં આવે છે.

પ્રસ્તુત પરિપત્ર માન.કુલપતિશ્રીની આજ્ઞાનુસાર જારી કરવામાં આવે છે જેનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

જા.નં.નકૃયુ/રજી/પીએસઆર/૨૯૯૩-3013 /૨૦૨૨
નવસારી તા.30/03/૨૦૨૨

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના જાણ તથા અમલ થવા સારૂ.**

૧. તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ
૨. તમામ કોલેજના ડીનશ્રી/ આચાર્યશ્રીઓ
૩. તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓ